ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૨૪/૧૮-૧૯/ 5096        તારીખ : 5 NOV 2018

કેસ નં. ૧૨૪/૧૮-૧૯.

પ્રતિ,
મનુભાઈ ધનશ્યામભાઈ સોલંકી,
મુ. મોજીદડ, તા. ચુડા,
જી. સુરેન્દ્રનગર.
મો : ૮૩૦૬૬ ૫૫૦૦૭.

**વિષય : વીજ કનેક્શન પુન:જોડાણ સાથે શીફ્ટીંગ કરી આપવા બાબત.**

સંદર્ભ : ૧) આપનો પત્ર તા. ૨૬.૦૯.૧૮.
૨) બીઝેડ/ફોરમ/૧૨૪/૧૮-૧૯/૪૫૬૧ તા. ૦૯.૧૦.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા. 30.૧૦.૧૮. નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ:
શ્રી કાર્યપાલક ઈજનેર,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,
વિભાગીય કચેરી, લીંબડી.

નકલ રવાના:–

૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, ચુડા.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૨૪/૧૮-૧૯** ☜

વાદી :– શ્રી મનુભાઈ ઘનશ્યામભાઈ સોલંકી

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ**:– ૩૦/૧૦/૨૦૧૮ ◈

હાજર રહયા :– શ્રી મનુભાઈ ઘનશ્યામભાઈ સોલંકી – પોતે.

પ્રતિવાદી :– શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, લીંબડી.

શ્રી મનુભાઈ ઘનશ્યામભાઈ સોલંકી,,મુ. મોજીદડ, તા ચુડાની ખેતીવાડી વીજ કનેક્શનના સ્થળ ફેરફાર બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૨૪/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં.બીઝેડ/ ફોરમ/ ૧૨૪/૧૮-૧૯ /૪૫૬૧ તા.૦૯.૧૦.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. ૩૦.૧૦.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી પોતે હાજર રહેલ હતા તથા પ્રતિવાદી શ્રી એમ. આર. ધામેચા, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, લીંબડી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ચુડા તાલુકાના મોજીદડ ગામના રહીશ મનુભાઈ ઘનશ્યામભાઈ સોલંકી નું વીજ કનેક્શન હાલ સર્વે ન-૬૨૩/૨ માં આવેલ છે. પરંતુ ત્યાં પાણી હાલ ન હોવાથી અમોએ ચુડા તાલુકાના સેજકપર ગામના સરકારી સર્વે નંબરમાં કુવા બોર ની મંજુરી લઇ બોર કરતા અમારા ૭/૧૨ માં સર્વે ન-૬૨૩/૨ માં નોંધ પણ પડી ગયેલ છે.

૧.૨ જેથી અમો પીજીવીસીએલ ઓફીસ શીફટીંગ માટે જરૂરી આધાર પુરાવા સાથે અરજી કરતા આપની ઓફીસ તરફથી અમોને જણાવવામાં આવે છે કે અગાઉના બાકી નીકળતા રૂપિયા પહેલા ભરપાઈ કરો ત્યારબાદ આપની શીફટીંગ કાર્યવાહી આગળ થઇ શકશે.

૧.૩ અમોએ બાકી નીકળતી રકમ ૨૨/૦૫/૨૦૦૭ ના રોજ ભરપાઈ કરેલ છે. જેની પહોચો પણ અમારી પાસે છે જે શીફટીંગ ના કાગળો સાથે અમોએ નાયબ ઇજનેરશ્રી ચુડા ને બતાવેલ તેમ છતાં પણ અમારી શીફટીંગ કાર્યવાહી આગળ થઇ સકતી નથી. તથા આ અગાઉ મારા નાનાભાઈએ પણ આપ સાહેબ ને તા-૨૦/૦૭/૨૦૧૭ ના રોજ અરજી કરતા આપ સાહેબ ધ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભાવનગર ના સંદર્ભ પત્ર ન- બીઝેડ /ફોરમ /૭૨-૧૮/ /૧૯૪૨૫૯-તા ,૦૭.૦૯૨૦૧૮. ના રોજ આપ સાહેબ ધ્વારા હુકમ પણ કરી આપેલ તેમ છતાં અમારી અમારી શીફટીંગ કાર્યવાહી આગળ થઇ સકતી નથી તથા આપના હુકમની નકલ સાથે જોડતા આપની કચેરી તરફથી એવી સુચના આપવામાં આવે છે કે "ગ્રાહક તકરાર નિવારણ ફોરમના હુકમમાં ફક્ત ને ફક્ત વર્ષ ૨૦૧૨ માં કરેલ ૨- ખેતીવાડી વીજ કનેક્શન આપવાનો જ હુકમ કરેલ છે અને અગાઉ બાકી નીકળતા ૪૧,૨૩૦.૫૯ રૂપિયા માફ કર્યાનો હુકમમાં કોઈ ઉલ્લેખ નથી.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ જો મારા નાનાભાઈ પ્રભાતસિંહ ઘનશ્યામભાઈ સોલંકી ને તેના પોતાના ૨ વીજ કનેક્શન મળી જ જતા હોય તો મારી શીફટીંગ ની કાર્યવાહી કરવા માટે પણ આપની કચેરી તરફથી એવી સુચના આપવામાં આવે છે કે આપ પણ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં જઈને આપનો હુકમ લઇ આવો ત્યાર બાદ જ આપની શીફટીંગ કાર્યવાહી આગળ ચાલશે.

૧.૪ આપ સાહેબને નમ્ર વિનંતી કે આ અરજી સાથે લાકેલ અમારા મોબાઈલ નંબર અથવા અમારા સરનામાં ઉપર અમોને જાણ કરી આપના ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં અમોને બોલાવી અમારી રજૂઆત ધ્યાને લઇ યોગ્ય ઘટતી કાર્યવાહી કરવા નમ્ર અરજ સાથે જય ભારત.

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,**

૨.૧ વાદીશ્રી ધ્વારા ખેતીવાડી વીજ જોડાણ મોજીદડ ગામ થી સેજકપર ગામમાં શીફટીંગ કરવા માટેની અરજી ચુડા પેટા વિભાગીય કચેરીએ કરવામાં આવેલ.

૨.૨ જે સબબ ચુડા પેટા વિભાગીય કચેરી ધ્વારા અરજદાર પાસેથી જરૂરી દસ્તાવેજો તથા આધાર પુરાવાઓ મેળવી વિભાગીય કચેરીએ આગળની કાર્યવાહી માટે પત્ર ન-સીએસડી/ટેક/૧૪૪૩૮, તા-૧૫.૧૦.૨૦૧૮ થી મોકલી આપવામાં આવેલ. સદર દરખાસ્ત અત્રેની વિભાગીય કચેરી ધ્વારા જરૂરી મંજુરી માટે વડી કચેરીએ પત્ર ન- એલબીડી/એબી/રેવ/૬૨૨૧, તા-૨૦.૧૦.૨૦૧૮ થી મોકલી આપવામાં આવેલ છે.

૨.૩ જેની જરૂરી મંજુરી મળ્યા બાદ અત્રેના તાબા હેઠળની ચુડા પેટા વિભાગીય કચેરી ધ્વારા વાદીશ્રી નું વીજ જોડાણ શીફટીંગ કરવા માટે આગળની જરૂરી કાર્યવાહી કરવા માટે સુચના આપવામાં આવશે.

૨.૪ આમ, વાદીશ્રી ની રજૂઆત મુજબની કામગીરી સંતોષકારક રીતે કાર્યરત હોવાનું નિવેદન પણ આ સાથે સામેલ છે.

☞ **ફોરમનું તારણ :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

3.૧ વાદી અરજદાર મનુભાઈ ઘનશ્યામભાઈ સોલંકી ગામ મોજીદડમાં સ.ન. ૬૨૩/૨ માં ખેતીવાડી કનેક્શન ગ્રાહક નં.૭૪૦૫૬/૦૧૦૩૫/૮ થી ધરાવે છે.

3.૨ વાદીએ તા. ૧૮.૧૨.૧૭ના રોજ તેઓના પી.ડી.સી. વીજ જોડાણને ચુડા તાલુકાના સેજપર ગામમાં ૧૬૫/૧ પૈકી માં પુન.: જોડાણ સાથે સ્થળ ફેરફાર માટે અરજી નોંધણી કરાવેલ.

3.3 વાદીની સામે વીજ બિલની બાકી નીકળતી લેહણી રકમ વાદીએ એમેનેસ્તી સ્કીમમાં તા. ૧૧.૧૦.૧૮ના રોજ ભરપાઈ કરેલ છે ત્યારબાદ પ્રતિવાદીએ વાદીના પી.ડી.સી. કનેક્શન ને પુન: જોડાણ સાથે શીફ્ટીંગ માટેની દરખાસ્ત સક્ષમ અધિકારીને જરૂરી મંજૂરી માટે તા. ૨૦.૧૦.૧૮ના રોજ મોકલેલ છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો ના આધારે હુકમ કરવામાં આવે કે " પ્રતિવાદીએ વાદીની પુન:જોડાણ સાથે શીફ્ટીંગની અરજી માટેની મંજૂરી મેળવી દિવસ-30માં અંદાજપત્ર આપવું."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–3૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| **(બી. જે. દવે)** | ગેરહાજર<br>**(પી. એચ. માવાણી)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,**<br>**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**<br>**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :–3૦.૧૦.૧૮.

P.G.V.C.L. Bhavnagar